# બીએસીએ કોલેજના અમૃત મહોત્સવ અને આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે બીએસીએ એલમની એસોસિયેશનનું ૯મુ કન્વેન્શનનું સંપન્ન

બીએસીએ એલમની એસોસિયેશન દ્વારા તા. ૨૫મી એપ્રિલ, ૨૦૨૨ ના રોજ કોલેજના ઓડીટોરીયમ ખાતે બં. અ. કૃષિ મહાવિદ્યાલયના અમૃત મહોત્સવ ઊજવણી તથા આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે નવમા કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યું જેમાં અંદાજે ૪૦૦ એલમની તથા આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા.

આ કન્વેન્શનમાં પ્રમુખ સ્થાને ડૉ. કે.બી.કથીરીયા, વાઈસ ચાન્સેલર, આણંદ કૃષિ યુનિવર્સિટી તથા મુખ્ય મહેમાનશ્રી મિનેષ શાહ, ચેરમેન એનડીડીબી ઉપસ્થિત રહ્યા હતા. અને અતિથિ વિશેષ તરીકે શ્રી પી.આર.જોષી, આઈ.એ.એસ, કમિશ્નર, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર તથા શ્રી અમિતભાઇ શેઠ, સભ્યશ્રી દાતા ફેમિલી અને ડૉ. એચ.બી.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ હાજર રહ્યા હતા.

પ્રમુખ સ્થાનેથી ડૉ. કે.બી.કથીરીયા સાહેબશ્રી દ્વારા અમૃત મહોત્સવની ઊજવણીના આ પ્રસંગે દેશ-વિદેશમાંથી આ કાર્યક્રમ સર્વે નિહાળી રહ્યા છે તેવું જણાવતા કહ્યું કે ગુજરાત અને દેશના વિકાસ ઉપરાંત વિદેશમાં પણ આ કોલેજના વિદ્યાર્થીઓનું મોટું યોગદાન છે તેમ જણાવતા સંસ્થાના પાયાના દૂરંદેશી મહાનુભાવોના સ્વપ્ન સાકાર થઈ રહ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ મોખરાનું સ્થાન ધરાવતી કોલેજમાં મહિલા સશક્તિકરણ અંગેની વાત કહેતા પ્રિસીઝન ફાર્મીંગ અને મિથેન ગેસ અંગેના પ્રોજેક્ટ ઉપરાંત અનુસ્નાતક કક્ષાના ઓર્ગેનિક અભ્યાસક્રમ દાખલ કરવામાં પણ આ.કૃ.યુ પ્રથમ યુનિવર્સિટી બનેલ છે જેની યશકલગી આ કોલેજને ફાળે જાય છે.

મુખ્ય મહેમાન એવા શ્રી મિનેષ શાહ, ચેરમેન, એનડીડીબી જણાવ્યું હતું કે કૃષિ અને ડેરી સેક્ટર વિવિધ રીતે અભિન્ન અંગ છે અને ફુડ સિક્યોરીટી દ્વારા સહકારીતાના પગલે ખેડૂતની આવક બમણી થાય તેવા પગલાં પ્રાકૃતિક ખેતી દ્વારા કેવી રીતે સાકાર કરી શકાય તેમ જણાવ્યું હતું. તદ્ઉપરાંત, એનડીડીબી દ્વારા આયોજીત નવા ખેડૂતોપયોગી મેન્યુઅરલ મેનેજમેન્ટ, ફોડર અને બી કિપીંગ જેવા કાર્યક્રમોની માહિતી આપી હતી.

આ પ્રસંગે શ્રી પી.આર.જોષી, કમીશ્નર, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત રાજ્યએ કોલેજના યોગદાન અને ગુરુજનોએ આપેલ વિદ્યાદાન અને સમજથી આપણામાંથી શક્તિ બહાર આવે છે તે સુંદર રીતે

વ્યક્ત કર્યું હતું. ખેતી મુખ્ય વિષય છે અને વહીવટીતંત્રમાં પણ કૃષિ, વેટરનરી અને ડેરી ક્ષેત્રની ખૂબ જ અગત્યના છે જે કૃષિ સ્નાતક સવિશેષ રીતે સમજી વિકાસ સાધી શકે તે માટે સર્વે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી અમિતભાઇ શેઠે પોતાના દાદાજીને યાદ કરી વિદ્યાદાનનું બીડુ ઝડપી તેને વેગેવંતુ બનાવવા પોતાની યથાશક્તિ મદદ કરવાની બાહેધરી આપી હતી.

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ.બી.પટેલે આ પ્રસંગે કૃષિ ગોવિદ્યા ૭૫ વર્ષ પૂરા કરે છે અને તેના વધુમાં વધુ સભ્યો બને અને ખેડૂતોપયોગી માહિતી આખા રાજ્યમાં પ્રસરે એવી અપીલ કરી હતી. વધુમાં કોલેજની વિશેષ મહત્વની માહિતીઓને કાયમી સ્મૃતિરૂપે એક સંગ્રહાલયમાં ફેરવવાની કુલપતિશ્રીની વાતને યાદ કરી હતી.

ડૉ. વાય.એમ.શુકલ, પ્રમુખશ્રી, બીએસીએ એલમની એસોસિયેશને સર્વે મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને કોલેજની સ્થાપના બાબતે વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે બીએસીએ ખાતેથી ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા સ્નાતક અને અનુસ્નાતક ડીગ્રી મેળવેલ છે અને એલમની એસોશિયેશનમાં હાલ ૨૮૦૦ જેટલા આજીવન સભ્યો છે. આ એસોશિયેશન દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને મેડલ, એવાર્ડ અને સ્કોલરશીપ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે વધુમાં ચાલુ વર્ષે કોલેજના પ્લેટીનમા જ્યુબિલી ઉજવણીના ભાગરૂપે થયેલ વિવિધ કાર્યક્રમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કન્વેન્શન દરમિયાન ડૉ. કે.સી.પટેલ, સેક્રેટરી, બીએસીએ એલમની એસોશિયેશન દ્વારા ૨૩ જેટલા એવાર્ડ, મેડલ, નાણાકીય મદદ વિગેરેની જાહેરાત કરી અને વિવિધ દાતાશ્રીઓ તરફથી મળેલ ફંડમાંથી યુવા વિદ્યાર્થી અને વૈજ્ઞાનિકશ્રીઓ તેમજ ફાર્મ લેબરોને ઇનામો/ચેક મહાનુભાવોના હસ્તે વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બે આમંત્રિત વ્યાખ્યાનનું પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું જે પૈકી શ્રી નિરંજન કરાંડે, સિનીયર મેનેજર, આઇ.પી.એમ.સી, એન.ડી.ડી.બી દ્વારા એફીસીયન્ટ મેન્યુર વેલ્યુ ચેઇન મોડેલની તાંત્રિક માહિતી આપી હતી તથા ડૉ. ડી.બી.સિસોદીયા, વિભાગીય વડાશ્રી, એન્ટોમોલોજી, બીએસીએ દ્વારા નવા ઊભરી આવતી કીટક જીવાતોનું ખેતી પાકોમાં સંકલિત જીવાત નિયંત્રણ વિશે માહિતી આપી હતી.

અંતમાં ડૉ. કે.સી.પટેલ દ્વારા સર્વે મહાનુભાવો તથા આમંત્રિતોનો આભાર વ્યક્ત કર્યો હતો.


Association


Celebration of Platinum Jubilee of BACA & Azadi ka Amrit Mahotsav
9th Convention of BACA Alumni Association
BACA ALUMNI ASSOCIATION




9th Convention of BACA Alumni Association


9th Convention of BACA
Venue: BACA Auditorium


9th Convention of BACA
Organized by
BACA ALUMNI ASSOCIA
B. A. COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL
Venue: BACA Auditorium